આંક :– ૧૨/બી

દાખલ તારીખ :– ૦૨/૦૮/૨૦૨૩

રજીસ્ટર તારીખ :– ૦૨/૦૮/૨૦૨૩

નિકાલ તારીખ :– ૦૫/૦૭/૨૦૨૪

	વર્ષ	માસ	દિવસ
સમયગાળો :–	૦૦	૧૧	૦૮

-::-

ભુજના મ્હે. ચોથા અધિક જયુડીશીયલ મેજીસ્ટ્રેટ (ફ.ક.)સાહેબની અદાલતમાં,
ભુજ (કચ્છ).

-::-

ફોજદારી કેસ નંબર: ૪૩૪૭/૨૦૨૩

– – – – – – – – – – – – – – – –

(માધાપર પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૨૦૫૦૩૯૨૩૦૨૪૪/૨૦૨૩)

(પ્રોહીબીશન એકટની કલમ : ૬૫(એ) (એ))

ફરીયાદી :– **ધી સ્ટેટ ઓફ ગુજરાત**

(વી.જે.હડીયલ)
રહે.પો. કો.,માધાપર પોલીસ સ્ટેશન.

ફરીયાદી તરફે :– **વિદ્વાન એ.પી.પી.શ્રી એ.એન.ઠાકોર**

આરોપી :– **ગોપાલભાઈ દેવજીભાઈ મહેશ્વરી,**
ઉ.વ.પુખ્ત, ધંધો: મજુરી,
રહે: મતીયા કોલોની, જુનાવાસ,માધાપર,
ભુજ–કચ્છ.

આરોપી તરફે :– **વિદ્વાન વકીલશ્રી આર.વી.વિંઝોડા**

–:: ફોર્મ–બી ::–

ગુનો બન્યા તારીખ	તા.૨૩/૦૪/૨૦૨૩
એફ.આઈ.આર. ની તારીખ	તા.૨૩/૦૪/૨૦૨૩
ચાર્જશીટની તારીખ	તા.૦૭/૦૭/૨૦૨૩
ચાર્જ ફરમાવ્યાની તારીખ	તા.૦૩/૧૧/૨૦૨૩
પુરાવો શરૂ થયાની તારીખ	તા.૨૩/૦૪/૨૦૨૪
ચુકાદો અનામત રાખ્યાની તારીખ	–––
ચુકાદો આપ્યા તારીખ	**ઉપર મુજબ**
સજાનો હુકમ સાંભળ્યાની તારીખ, જો હોય તો	–––

–:: આરોપીની વિગત :–

આરોપી નો ક્રમ	આરોપીનું નામ	અટક કર્યાની તારીખ	જામીન પર છુટ્યાની તારીખ	ગુનાની વિગતો	શું આરોપી નિર્દોષ કે સજા થયેલ તેની વિગત	સજાની વિગતો	ટ્રાયલ દરમ્યાન કાચા કામે ભોગવેલ સજાનો સમયગાળો (Cr.P.C. Se.428મુજબ)
૧.	ગોપાલભાઈ દેવજીભાઈ મહેશ્વરી	23/04/23	23/04/23	Prohibition act 65AA	નિર્દોષ	––	––

–: ચુ કા દો :–

– – – – – –

૧). ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તા.૨૩/૦૪/૨૦૨૩ ના રોજ કલાક : ૧૯:૦૦ ના અરસામાં ભુજના માધાપર ગામે, તુલસી હોટલની સામે આ કામના આરોપીએ પોતાના કબ્જામાં ગેરકાયદેસર રીતે વગર પાસ પરમીટે દેશી દારુ લિટર–૦૧, કિંમત રુ.૨૦/– નો મુદામાલ રાખી રેડ દરમ્યાન હાજર મળી આવી, પકડાઈ જઈ ગુનો કરેલો છે. ઉપરોકત ફરીયાદ મુજબ પી.એસ.ઓ. એ આરોપી વિરૂધ્ધ ગુન્હો દાખલ કરી તપાસ કરનાર

અમલદારે તપાસના અંતે આરોપી વિરૂધ્ધ હાલનું આ ચાર્જશીટ અત્રેની અદાલત સમક્ષ રજુ કરેલું છે.

૨). ચાર્જશીટ રજુ થયા બાદ આરોપીને હાજર રહેવા સમન્સ કરવામાં આવતાં આરોપી પોતાના વકીલ શ્રી મારફતે હાજર થતાં આરોપીને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૭ અન્વયે તેમની સામેના કેસના કાગળોની નકલો વિના મૂલ્યે મળ્યાની ખાત્રી કર્યા બાદ આરોપી વિરુધ્ધ તહોમતનામું ફરમાવી તે આરોપીને વાંચી સંભળાવી સમજાવી આરોપીની પ્લી રેકર્ડ કરવામાં આવેલી. જેમાં આરોપીએ ગુન્હાનો ઈન્કાર કરી કેસ આગળ ચલાવવાની માંગણી કરતાં હાલનું કામ ફરીયાદ પક્ષના પુરાવા પર રાખવામાં આવેલું.

૩). ફરીયાદ પક્ષે તેમના કેસના સમર્થનમાં નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે :–

મૌખિક પુરાવો:–

ક્રમ	**સાહેદનું નામ**	**આંક**
૧	ફરિયાદી વશરામભાઈ જગમાલભાઈ હડીયલ	૦૬
૨	પંચ સાહેદ મામદ જુસબ ઘોસા	૦૮
૩	ત.ક.અ. નીરવભાઈ કમજીભાઈ ડામોર	૧૦

દસ્તાવેજી પુરાવો:–

ક્રમ	**દસ્તાવેજની વિગત**	**આંક**
૧	ફરિયાદ	૦૭
૨	મુદામાલ જપ્ત કર્યાનું પંચનામું	૦૯
૩	રવાનગી પત્રક	૧૧

૪). ઉપરોકત મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા સિવાય ફરીયાદ પક્ષે અન્ય કોઈ પુરાવો

રજુ કરેલ નથી અને વિ.એપીપીશ્રીએ મૌખિક રીતે પુરાવો પુર્ણ કર્યાનું જાહેર કરતાં ત્યારબાદ ફરીયાદ પક્ષના સમગ્ર પુરાવાના અનુસંધાને આરોપીનું ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલું. જેમાં આરોપીએ ફરીયાદ પક્ષનો તમામ પુરાવો તેમની રૂબરૂ લેવામાં આવેલ હોવાની હકીકત માત્ર સ્વીકારી બાકીના તેમની સામેના ફરીયાદ પક્ષના પુરાવાની હકીકતો ખોટી હોવાનું જણાવી સોગંદ ઉપર જુબાની આપવા કે બચાવના સાહેદો તપાસવાનો ઈન્કાર કરી વિશેષમાં ખોટો કેસ કરેલ હોવાનું જણાવેલ છે.

૫). ત્યારબાદ બંને પક્ષોના વિ.વ.શ્રીઓની મૌખિક દલીલો સાંભળી.

૬). આ કામના નિર્ણય અને નિકાલ માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે :–

–:મુદા:–

મુદ્દા નં.(૧). શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, તા.૨૩/૦૪/૨૦૨૩ ના રોજ કલાક : ૧૯:૦૦ ના અરસામાં ભુજના માધાપર ગામે, તુલસી હોટલની સામે આ કામના આરોપીએ પોતાના કબ્જામાં ગેરકાયદેસર રીતે વગર પાસ પરમીટે દેશી દારુ લિટર–૦૧, કિંમત રુ.૨૦/– નો મુદામાલ રાખી રેડ દરમ્યાન હાજર મળી આવી, પકડાઈ જઈ પ્રોહીબીશન એકટની કલમ–૬૫ (એ) (એ) મુજબનો શિક્ષા પાત્ર ગુન્હો કરેલ છે ?

મુદ્દા નં. (૨). શું હુકમ ?

૭). ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે દર્શાવેલ કારણોસર નીચે મુજબ છે :–

મુદ્દા નં. (૧). નકારમાં.

મુદ્દા નં. (૨). આખરી હુકમ મુજબ.

–: નિર્ણયના કારણો :–

મુદ્દા નં.૧ :

૮) આ કામે ફરીયાદપક્ષે ફરિયાદી વશરામભાઈ જગમાલભાઈ હડીયલ ની આંક–૦૬ ની જુબાનીમાં તેઓએ જણાવેલ છે કે, તા.૨૩/૦૪/૨૦૨૩ ના રોજ તેઓ તથા સ્ટાફના સભ્યો સાથે પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન એક ઈસમ શંકાસ્પદ હાલતમાં જોવામા આવતા તેને ઉભો રાખી ચેક કરતાં તેની પાસેથી એક પ્લાસ્ટીકની એક લીટરની બોટલ મળી આવેલ. જેમાં દેશીદારુની તીવ્ર વાસ આવતી હોય પાસ પરમીટ માંગતા નહી હોવાનું જણાવેલ. જે પંચનામાની વિગતે કબ્જે કરી આરોપી વિરુધ્ધ ધોરણસરની ફરિયાદ દાખલ કરેલ.

બચાવ પક્ષની ઉલટ તપાસમાં તેઓએ એ હકીકત ખરી હોવાનું કબુલ રાખેલ છે કે, ફરીયાદમાં પંચોના નામ સરનામા જણાવેલ નથી. એ હકીકત ખરી હોવાનું કબુલ રાખેલ છે કે, પેટ્રોલીંગમાં કેટલા વાગ્યે ગયેલા તેનો સમય ફરીયાદમાં જણાવેલ નથી. એ હકીકત ખરી હોવાનું કબુલ રાખેલ છે કે, બનાવવાળી જગ્યાના માલીકીના આધાર પુરાવા તેઓએ માંગેલ કે જોયેલ નથી.

૯) ત્યારબાદ ફરિયાદપક્ષે મુદામાલ કબ્જે કર્યાના પંચ સાહેદ મામદ જુસબ ઘોસાને આંક–૦૮ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ આંક–૦૯ થી પંચનામાની નકલ રજુ રાખેલ છે અને તેઓ જણાવે છે કે પોલીસે લખેલા તૈયાર પંચનામામાં સહી કરવાનુ કહેતા તેઓએ સહી કરેલી. પોલીસે તેઓને કોઈ જગ્યાએ બોલાવેલ હોય અને તેઓની હાજરીમાં કોઈ પંચનામુ કરેલ હોય તેવું બનેલ નથી. એ સિવાય તેઓ બીજું કંઈ જાણતા નથી. આ સંજોગોમાં પંચ સાહેદની જુબાનીથી કહેવાતા મુદ્દામાલની જપ્તી, રીકવરી પુરવાર થતી નથી.

બચાવ પક્ષની ઉલટતપાસમાં તેઓએ એ હકીકત ખરી હોવાનું કબુલ રાખેલ છે કે, તેઓએ પંચનામામાં સહી કરેલી છે તે સિવાય બીજું કાંઈ જાણતા નથી.

૧૦) વધુમાં ફરિયાદ પક્ષે ત.ક.અ. નીરવભાઈ કમજીભાઈ ડામોર ની આંક–૧૦ ની જુબાનીમાં તેઓએ જણાવેલ છે કે, તા.૨૩/૦૪/૨૦૨૩ ના રોજ તેઓ તથા સ્ટાફના સભ્યો સાથે પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન એક ઈસમ શંકાસ્પદ હાલતમા જોવા મળતા તેને ઉભો રખાવી ચેક કરતા તેની પાસે એક પ્લાસ્ટીકની એક લીટરની બોટલ મળી આવેલ. જેમાં દેશી દારુની તીવ્ર વાસ આવતી હોય દેશી દારુ રાખવા બાબતે પાસ પરમીટ માંગતા નહી હોવાનું જણાવેલ. જેથી સદર બોટલ માંથી ૩૦૦ એમ.એલ જેટલો દેશી દારુ પંચનામાની વિગતે કબ્જે કરી આરોપી વિરુધ્ધ ઘોરણસરની ફરિયાદ દાખલ કરેલ. તેઓએ આ કામેનું પંચનામુ કરેલ અને સદર ગુનાકામની તપાસ સોંપાતા લાગતા વળગતા સાહેદોના નિવેદનો મેળવી, એફ.એસ.એલ માટે યાદી કરેલ તથા આરોપી સામે પુરતા પુરાવા હોય ચાર્જશીટ કરેલ. તેઓએ આ કામે આંક–૧૧ થી એફ.એસ.એલ રવાનગી પત્રક રજુ રાખેલ છે.

બચાવ પક્ષની ઉલટ તપાસમાં તેઓએ એ હકીકત ખરી હોવાનું કબુલ રાખેલ છે કે, આ કામે કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલ નથી. એ હકીકત ખરી હોવાનું કબુલ રાખેલ છે કે, આરોપીના પ્રત્યક્ષ કબ્જા ભોગવટામાંથી પ્રોહી મુદામાલ મળી આવેલ છે.

૧૧) ઉપરોકત વિગતે ફરીયાદ પક્ષે રજુ સમગ્ર પુરાવો ધ્યાને રાખતાં આ કામે ઉપરોકત ચર્ચા કર્યા અનુસાર ફરીયાદ પક્ષના જ સ્વતંત્ર અને તટસ્થ એવા પંચ સાહેદે મુદામાલ કબ્જે કર્યાના પંચનામાની હકીકતને કોઈ સમર્થન આપેલ ન હોય મુદામાલ કબ્જે કર્યાનું પંચનામું પુરવાર થતું નથી.ત્યાર બાદ આ કામે ફરિયાદી તેમજ તપાસ કરનાર અધિકારી પોલીસ સાહેદ છે તેઓએ ફરિયાદ હકીકતને સમર્થન આપેલ છે પરંતુ તેઓની બચાવ પક્ષે થયેલ ઉલટ તપાસ જોવામાં આવે તો તેઓએ પેટ્રોલિંગમાં ઉપયોગમાં લીધેલ વાહનના નંબર કે વર્ણન ફરિયાદમાં જણાવેલ નથી તેમજ બનાવ વાળો વિસ્તાર જાહેર રસ્તો છે તેમ છતાં અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદન આ કામે લેવામાં આવેલ નથી. આમ, ઉપરોકત કરેલ ચર્ચા મુજબ આ કામેના સ્વતંત્ર સાહેદ એવા પંચે બનાવ હકીકતને સમર્થન કરેલું નથી કે પંચનામા મુજબની

કે ફરીયાદીએ તેમની જુબાનીમાં જણાવ્યા મુજબની કોઈ કાર્યવાહી સ્થાનિકે પંચ સાહેદો રૂબરૂ થઈ હોય તે હકીકતને પણ સમર્થન મળતું નથી. આ કામે સ્વતંત્ર અને તટસ્થ સાહેદ મળી શકે તેમ હોવા છતાં તેવા કોઈ સાહેદોને આ કામે સાહેદ તરીકે બતાવેલ નથી કે તેઓનો પુરાવો આ કામે રજુ થયેલ નથી.ત્યારે માત્ર પોલીસ સાહેદોના વિધિવત પ્રકારના પુરાવા પર આધાર રાખી આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહીં.

આમ, ઉપરોકત ફરિયાદી અને ત.ક.અ એ ફરિયાદપક્ષનાં કેસને સમર્થન કરતી હકીકતો જણાવેલ છે પરંતુ તેઓનાં પુરાવાને પંચસાહેદનાં પુરાવાથી સમર્થન પ્રાપ્ત થતું નથી. આ કામે પંચનામુ પ્રથમથી અસ્તીત્વમા હોવા છતા ફરીયાદીએ ફરીયાદમા પંચોના નામ–સરનામા જણાવેલ નથી અને વધુમા મુદામાલનો જે નમુનો પૃથ્થકરણઅર્થે મોકલવામાં આવેલ તે આ કામની રેઈડ દરમ્યાન કબજે લીધેલ મુદામાલ પૈકીનો છે કે કેમ તે બાબતે શંકા ઉદભવે છે. આમ,આ મુદ્દામાલ આ કામનાં આરોપીએ ધારણ કરેલો હોય કે તેઓની પાસેથી મળેલો હોય તેવુ આરોપી પાસેનું મુદ્દામાલનું એકચ્યુઅલ પઝેશન પુરવાર થતું નથી .

૧૨) આમ, ઉપરોકત હકીકતોને લક્ષમાં લેતાં આ કામના આરોપીનાં સભાનપણાનાં કબ્જા ભોગવટામાંથી કહેવાતો મુદામાલ મળી આવેલ હોવાનું પંચસાહેદોનાં પુરાવાથી નિ:શંકપણે પુરવાર થતું નથી. વધુમાં, ઉપરોકત ચર્ચા મુજબ ફરિયાદપક્ષનાં કેસને સ્વતંત્ર સાહેદનાં પુરાવાનાં અભાવે પુરવાર થયેલ માની શકાય નહીં. સદરહુ ગુન્હાનાં કામે આરોપીને સાંકળી શકે તેવો કોઈ પુરાવો ના હોઈ ફરિયાદપક્ષ આરોપી વિરુધ્ધનું તહોમત નિ:શંકપણે સાબિત કરવામાં નિષ્ફળ નિવડેલ હોય આરોપીને નિર્દોષ છોડવાનું યોગ્ય જણાતું હોય નીચે મુજબ હુકમ ફરમાવવામાં આવે છે.

–: હુ ક મ :–

૧). **ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૪૮ (૧)** અન્વયે આ કામના આરોપી ગોપાલભાઈ દેવજીભાઈ મહેશ્વરી, ઉ.વ.પુખ્ત, ધંધો: મજુરી, રહે: મતીયા કોલોની, જુનાવાસ,

માધાપર, ભુજ–કચ્છનાઓને તેમની વિરૂધ્ધના ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫ (એ) (એ) મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨). મુદામાલ પાવતીમાં દર્શાવેલ મુદામાલનો અપીલ સમય વિત્યે નિયમ મુજબ નાશ કરવો.

૩). આરોપીએ અપીલ અદાલત સમક્ષ હાજર રહેવાની ખાત્રી આપતા ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭ (અ) ની જોગવાઈ મુજબ છ માસના રૂા.૫,૦૦૦/– (અંકે રૂપીયા પાંચ હજાર પુરા) ના જામીન તથા જાતમુચરકા રજુ રાખવા.

આજરોજ **તા: ૦૫ માહે: જુલાઈ સને:૨૦૨૪** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

સહી/–
(મયુર સુભાષભાઈ ગેલોદ)
ચોથા અધિક જયુડી. મેજી. (ફ.ક.)
ભુજ–કચ્છ
(કોડ નં. જીજે૦૧૭૫૬)

તા. ૦૫/૦૭/૨૦૨૪
ભુજ–કચ્છ